For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ઇઝરાયલ-ઈરાન યુદ્ધની મિડલ ઇસ્ટમાં ભયાનક અસર

ઉમરાહ કરવા ગયેલા વડોદરાના 52 સહિત 500થી વધુ ગુજરાતીઓ ફસાયા

હાલ પૂરતી ખાવા-પીવાની વ્યવસ્થા છે તેમજ સાઉદી સરકાર અને ટૂર ઓપરેટર્સ મદદ કરી રહ્યા છે



(પ્રતિનિધિ) વડોદરા તા.28 ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વણસી રહેલી યુદ્ધની પરિસ્થિતિને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે વિમાની સેવાઓને વ્યાપક અસર પડી છે. પવિત્ર રમઝાન માસ દરમિયાન ઉમરાહ કરવા ગયેલા ગુજરાતના અંદાજે 500થી વધુ યાત્રિકો હાલ મક્કા, મદીના અને વિવિધ કનેક્ટિંગ એરપોર્ટ પર ફસાયા છે. જેમાં વડોદરાના જ 52 જેટલા યાત્રિકોનો સમાવેશ થાય છે. જે હાલ સાઉદી અરેબિયાના જેદ્દાહ એરપોર્ટ પર અટવાયા છે.

મળતી માહિતી મુજબ, યુદ્ધની સ્થિતિને પગલે સુરક્ષાના કારણોસર અનેક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. ઉમરાહની યાત્રા પૂર્ણ કરી પરત ફરી રહેલા યાત્રિકો દુબઈ અને બહેરીન જેવા એરપોર્ટ પર ફસાયા છે. વડોદરાના જાણીતા વેપારી ફારૂક મેમણ પણ તેમના પરિવાર સાથે ઉમરાહ માટે ગયા હતા અને હાલ ત્યાં જ અટવાયા છે. વડોદરામાં રહેતા ફારૂક મેમણના પુત્ર આફતાબ મેમણે આ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, મારા માતા-પિતા અને ફોઈ શુક્રવારના દિવસે ઉમરાહ માટે ગયા હતા. તેમણે યાત્રા પૂર્ણ કરી તે જ સમયે યુદ્ધના સમાચાર આવ્યા અને ફ્લાઈટ્સ રદ થઈ ગઈ. જોકે, તેમણે રાહત વ્યક્ત કરતા ઉમેર્યું કે પરિવાર સાથે વાતચીત થઈ છે અને ત્યાં હાલ પૂરતી ખાવા-પીવાની વ્યવસ્થા છે તેમજ સાઉદી સરકાર અને ટૂર ઓપરેટર્સ મદદ કરી રહ્યા છે. વધારાના ખર્ચ અને સુરક્ષાનો ડર યાત્રિકો સુરક્ષિત હોવા છતાં, લાંબા સમય સુધી રોકાવું પડે તેમ હોવાથી રહેવા-જમવાનો વધારાનો ખર્ચ એક મોટી સમસ્યા બની રહ્યો છે. આફતાબ મેમણે ભારત સરકાર અને પ્રશાસનને વિનંતી કરી છે કે તેઓ આ બાબતે હસ્તક્ષેપ કરે અને ફસાયેલા તમામ ભારતીય નાગરિકોને વહેલી તકે સુરક્ષિત રીતે વતન પરત લાવવાની વ્યવસ્થા કરે. હાલમાં ફસાયેલા યાત્રિકોના પરિવારજનો તેમના હેમખેમ પરત આવવાની પ્રાર્થના કરી રહ્યા છે અને સરકાર તરફથી કોઈ સત્તાવાર મદદ કે જાહેરાતની રાહ જોઈ રહ્યા છે.

ટ્રેનમાંથી ફરી ગાંજાની હેરાફેરી ઝડપાઈ

કોયમ્બતુર-જયપુર સ્પેશિયલ ટ્રેનમાંથી રૂ.11 લાખના ગાંજાનો જથ્થો મળી આવ્યો

ગુજરાત રાજ્યમાં નશાકારક પદાર્થોના ષડયંત્રનો પર્દાફાશ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11 પશ્ચિમ રેલવે વડોદરા પોલીસ અધિક્ષક અભય સોનીએ આવી ગેરકાયદે વસ્તુઓની હેરાફેરી ઝડપી પાડવા માટે "મિશન સેફ સ્ટેશન' અંતર્ગત અભિયાન ચલાવવામાં આવ્યું છે તેમજ આંતર રાજ્યોમાંથી રેલ્વે ટ્રેન મારફતે ગુજરાત રાજ્યમાં નશાકારક પદાર્થોના ષડયંત્રનો પર્દાફાશ કરવા માટે સુચનાઓ આપવામાં આવી હતી. જેનાં આધારે 27 ફેબ્રુઆરીના રોજ વડોદરા આરપીએફ સ્ટાફને કંન્ટ્રોલ રૂમ તરફથી વર્ધી મળી હતી કે કોયમ્બતુર - જયપુર સ્પેશિયલ ટ્રેનના કોચ નં.બી/12 મા સંદીગ્ધ સામાન ભરેલી પ્લાસ્ટીકની બોરી અને ટ્રોલી બેગ પડેલી છે. જે માહીતી ટ્રેનના ઓન ડયુટી ટીટીઈ ઈશ્વરલાલ પરીહાર તથા અરપીત ખાબીજા દ્વારા આપવામાં આવી હતી.

મેસેજ મળતાની સાથે જ આરપીએફ સ્ટાફ સનાભાઈ પુંજાભાઈ, સંજયભાઈ અલગોતર તથા જી.આર.પી. સ્ટાફના એએસઆઈ શાંતિલાલ તથા પો.કોન્સ. દિગ્વિજયસિંહ દિલુભા તથા આકાશચંન્દ્ર મુકેશભાઈ તથા એએસઆઈ હરેશભાઈ પરસોત્તમભાઈ એસઓજી રેલવે વડોદરા વડોદરા રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નંબર 6 પર ઉભા હતા. દરમ્યાન આ ટ્રેન પ્લેટફોર્મ પર આવી ઉભી રહેતા કોચ નં.બી/12ના બાથરૂમ પાસેથી એક ટ્રોલીબેગ તથા એક પ્લાસ્ટીક મીણીયા થેલો શંકાસ્પદ રીતે બિનવારસી હાલતમાં પડેલો હતો. જેથી ટ્રોલીબેગ તથા એક પ્લાસ્ટીક થેલામા તપાસ કરી હતી ત્યારે રૂ.11 લાખનો 22 કિલો ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. જોકે કેરિયર ગાંજાનો જથ્થો ભરેલી બેગ અને થેલા મુકીને ફરાર થઈ ગયો હોય તેને વૉન્ટેડ જાહેર કરાયો છે.

ઈઝરાયેલ - ઇરાન યુદ્ધની વૈશ્વિક અસર

વડોદરાના એડવોકેટ શૈલેષ અમીને ભયાનક મિસાઈલ યુદ્ધ નજરે જોયું

દુબઈ એરપોર્ટ પર મોબાઈલ પર સાયરન એલર્ટથી લોકોમાં ફફડાટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.1 વડોદરાના નમાંકિત એડવોટ એડવોકેટ શૈલેષ અમીને જણાવ્યું હતું કે, હું, મારા ફેમિલી સાથે છેલ્લા 10 દિવસથી દુબઈમાં છું અને છેલ્લા બે દિવસથી દુબઈ નો પોશ વિસ્તાર ગણાતા સિલીકોન ઓએસિસ નામના વિસ્તાર માં આવેલ સંબંધી ને ઘરે છું. શનિવારે તા.28 ના રોજ બપોરે 12 વાગ્યાના અરસામાં જ્યારે અમોને એક કોમર્શિયલ વિસ્તાર માં હતા. ત્યારે, જાણકારી મળી કે ઈરાન દ્વારા દુબઈ પર મિસાઈલ હુમલો કરવા માં આવ્યો છે, ત્યારે અમારી સાથે રહેલા સ્થાનિક દુબઈના લોકો એકદમ સ્તબ્ધ થઈ ગયેલા હતા. ગઈ કાલે રાત્રે અમે પણ સિલીકોન ઓએસિસ માં આવેલા એપાર્ટમેન્ટ ના આઠમાં માળની બાલ્કની માં ઊભા હતા. ત્યારે અવકાશમાં આગ સાથે જતી મિસાઈલ દેખાઈ જેને અમારી નજર સામેજ અવકાશમાં એન્ટી મિસાઈલ રોકેટ દ્વારા તોડી પડાઈ જેનો ખૂબ મોટો અને ભયાનક ધડાકો સંભળાયો. આ બાદ અમો જ્યારે ઘરમાં હતા. ત્યારે, પહેલા જેવાજ બે મોટા ઉપરાછાપરી ધડાકા ના અવાજ સંભળાયા. ગઈકાલે મોડી રાતની એટલે કે વહેલી સવારની અમારી અમદાવાદ આવવાની ટિકિટો હતી, પણ દુબઈ એરપોર્ટ ને સદંતર બંધ કરેલું જાહેર કરેલું. જેથી એરલાઈન દ્વારા ટિકિટો રદ કરી રિફંડ જાહેર કરેલું હતું, જેથી દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ ગયા ન હોતા. દુબઈ એરપોર્ટ ઓથોરિટી દ્વારા ગઈકાલના રોજ તા.2 માર્ચ સુધી એરપોર્ટ સદંતર બંધ રહેવાની જાહેરાત થયેલી હતી. ત્યારે ટૂરિસ્ટો ને ચિંતા છે કે, પરત ભારત જવાની આગળની રેગ્યુલર ફ્લાઈટ માં તો ઓલરેડી બુકિંગ કરેલા પેસેન્જરો હોય ત્યારે રદ થયેલી ત્રણ દિવસની ફ્લાઈટ ના પેસેન્જરોને જેવું દુબઈ એરપોર્ટ કાર્યરત થાય ત્યારે વહેલામાં વહેલા ભારત પહોંચે તેવી વધારાની ફ્લાઈટ વ્યવસ્થા ભારતની સરકાર કરે અપીલ કરી છે.

એરપોર્ટ પર મુસાફરોની કફોડી હાલત : શૈલેષ અમીન



ગલ્ફ એરસ્પેસ બંધ કરી દેવાતા દુબઈ એરપોર્ટ પર ફ્લાઇટ કામગીરી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દેવામાં આવી છે.

<< ફ્લાઇટ્સ રદ: ભારત સહિત વિશ્વભરની તમામ ફ્લાઇટ્સ રદ થતા હજારો પ્રવાસીઓ એરપોર્ટ પર અટવાયા છે.

<< અનિશ્ચિતતા: એરલાઇન્સ કંપનીઓ પાસે પણ ફ્લાઇટ ક્યારે શરૂ થશે તેની કોઈ સ્પષ્ટ માહિતી નથી.

<< સુવિધાઓનો અભાવ: અચાનક સર્જાયેલી આ કટોકટીને કારણે મુસાફરોને ખાવા-પીવા અને રહેવાની ભારે અગવડતા પડી રહી છે.

મક્કામાં ફસાયેલા ગુજરાતીઓની વ્યથા

એરપોર્ટ પહોંચ્યા ત્યારે ખબર પડી કે ફ્લાઈટ કેન્સલ છે

ચારેતરફ ડર અને અફરાતફરીનો માહોલ હતો : અલીભાઇ

(પ્રતિનિધિ) વડોદરા, તા.1 પવિત્ર યાત્રાએ ગયેલા અલી ભાઈ કરોલીવાલા અને અન્ય યાત્રિકો હાલ વિદેશમાં કપરી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. 9 તારીખે અમદાવાદ એરપોર્ટથી મક્કા પહોંચેલા આ યાત્રિકોએ 15 દિવસ મક્કા અને 5 દિવસ મદીનામાં વિતાવ્યા હતા. ગઈકાલે સાંજે 7:30 કલાકે તેમની પરત આવવાની ફ્લાઈટ હતી, જે માટે તેઓ સવારે 8 વાગ્યે જ હોટલથી નીકળી ગયા હતા. ભારે ગભરાટ અને અનિશ્ચિતતા વચ્ચે ફસાયેલા આ યાત્રિકો અત્યારે વતન પરત ફરવા માટે મદદની રાહ જોઈ રહ્યા છે. "એરપોર્ટ પહોંચતા જ જાણે આભ તૂટી પડ્યું, તમામ ફ્લાઈટ્સ કેન્સલ હોવાના સમાચાર મળ્યા. ચારેતરફ ડર અને અફરાતફરીનો માહોલ હતો. બસમાં બેઠેલા લોકો ડરના માર્યા રડવા લાગ્યા હતા. અમને બસમાંથી નીચે ઉતરવાની પણ મંજૂરી આપવામાં આવી નહોતી તેવુ વડોદરાના રહેવાસી અલી ભાઈ કરોલીવાલા (યાત્રિક) દ્વારા જણાવાયુ હતુ.

વૈશ્વિક સ્તરે હજારો ફ્લાઈટ્સ રદ કરવામાં આવતા મુસાફરો અટવાયા

વૈશ્વિક સ્તરે હજારો ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી અથવા ડાયવર્ટ કરવામાં આવી હતી. જેના કારણે લાખો મુસાફરો અટવાઈ ગયા હતા. ભારતમાં, નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે તાત્કાલિક કાર્યવાહી કરી અને ભારતીય એરલાઇન્સને 2 માર્ચ સુધી 11 દેશો ઈરાન, ઇઝરાયલ, લેબનોન, યુએઈ, સાઉદી અરેબિયા, બહેરીન, ઓમાન, ઇરાક, જોર્ડન, કુવૈત અને કતારના એરસ્પેસ ટાળવાની સલાહ આપી. આ સલાહને અનુસરીને, ઇન્ડિગો, એર ઇન્ડિયા, એર ઇન્ડિયા એક્સપ્રેસ, અકાસા એર અને સ્પાઇસજેટ જેવી મોટી એરલાઇન્સે મધ્ય પૂર્વ માટે તેમની ફ્લાઇટ્સ સ્થગિત કરી દીધી હતી. ગુજરાતના વડોદરા, રાજકોટ, સુરત અને અમદાવાદના કેટલાક લોકો પણ યુદ્ધના કારણે દુબઇ અને બેહરીન એરપોર્ટ પર ફસાયા છે. વડોદરાના 500થી વધુ લોકો ઉમરામાં ફસાયા છે. જ્યારે, જેદ્દાહ એરપોર્ટ પર પણ વડોદરાના 52 પ્રવાસી અટવાયા છે.

ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષ: ભારતીયોની સહાય માટે દેશ વાઇઝ હેલ્પલાઈન વિગતો

ઈઝરાયેલ (Israel)
24×7 હેલ્પલાઈન: +972-54-7520711, +972-54-2428378
ઈ-મેઈલ: consl.telaviv@mea.gov.in

ઈરાન - તેહરાન (Iran - Tehran)
24×7 હેલ્પલાઈન: +989128109115, +989128109109, +989128109102, +989932179359

યુએઈ - અબુ ધાબી (UAE - Abu Dhabi)
24×7 હેલ્પલાઈન: 800-46342 (ટોલ-ફ્રી), +971543090571 (WhatsApp)
ઈ-મેઈલ: pbsk.dubai@mea.gov.in, ca.abudhabi@mea.gov.in

સાઉદી અરેબિયા - રિયાધ (Saudi Arabia - Riyadh)
24×7 હેલ્પલાઈન: 00-966-11-4884697, 800 247 1234 (ટોલ-ફ્રી)
વોટ્સએપ: 00-966-542126748
ઈ-મેઈલ: cw.riyadh@mea.gov.in

કતાર - દોહા (Qatar - Doha)
24×7 હેલ્પલાઈન: 00974-55647502
ઈ-મેઈલ: cons.doha@mea.gov.in

સીરિયા - દમાસ્કસ (Syria - Damascus)
24×7 હેલ્પલાઈન: +963-993385973
ઈ-મેઈલ: eoidamascus.gov.in, cons.damascus@mea.gov.in

ઈરાક - બગદાદ (Iraq - Baghdad)
24×7 હેલ્પલાઈન: +964 771 651 1185 (અંગ્રેજી/હિન્દી), +964 770444 4899 (અરબી)
ઈ-મેઈલ: eoibaghdad.gov.in, cons.baghdad@mea.gov.in

પેલેસ્ટાઈન - રામલ્લાહ (Palestine - Ramallah)
24×7 હેલ્પલાઈન: +970592916418
ઈ-મેઈલ: repoffice@mea.gov.in, cons.ramallah@mea.gov.in

કુવૈત (Kuwait)
24×7 હેલ્પલાઈન: +96565501946
ઈ-મેઈલ: community.kuwait@mea.gov.in

બહરીન (Bahrain)
24×7 હેલ્પલાઈન: 00973-39418071

જોર્ડન (Jordan)
24×7 હેલ્પલાઈન: 00962-770 422 276

લાઇટ કપાતા લિફ્ટ નહી ચાલતા વૃદ્ધો, બાળકો અને સગર્ભાઓ તકલીફ

ગોત્રી સેવાસીમાં તક્ષશીલા-2ના બિલ્ડર દ્વારા ફ્રોડ કરાયાનો સ્થાનિકોનો આક્ષેપ

મેન્ટેનન્સના રૂપિયા લીધા હોવા છતાં લાઇટ બિલ ન ભરતા સોસાયટીનું વીજ કનેક્શન કપાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.11 વડોદરા શહેરના ગોત્રી સેવાસી વિસ્તારમાં આવેલી તક્ષશીલા-2 નામની સોસાયટી બિલ્ડર દિલિપભાઈ ગોરેટા અને સાંઈનાથ કન્સ્ટ્રક્શનના ભાગીદારો દ્વારા બાંધવામાં આવી હતી. જેમાં મોટાભાગ મકાન ખરીદનાર ગ્રાહકોએ મેન્ટેનન્સ રૂપિયા પણ બિલ્ડર દિલિપને ચૂકવી દીધા હતા. પરંતુ બિલ્ડર દ્વારા છેલ્લા મહિનાનું સોસાયટીનું બિલ ભરવામાં નહી આવતા એમજીવીસીએલ દ્વારા સોસાયટીનું કનેક્શન કાપી નાખ્યું હતુ. જેના કારણે ફ્લેટમાં રહેતા સ્થાનિક લોકોએ લાઇટ ન હોવાના કારણે ભારે મુશ્કેલીનો સામનો કરવા પડી રહ્યો છે. લાઇન ન હોય જેના કારણે પાણી પણ ટાંકીઓ ચડાવી શકાતી નથી. લિફ્ટ પણ ચલાવી શકાતી ન હોય વૃદ્ધ અને વૃદ્ધાઓ, સગર્ભાઓ અને બાળકોને વેઠવાનો વારો આવ્યો છે. જેના કારણે સ્થાનિક લોકો ભેગા થયા હતા અને બિલ્ડર સામે ભારે વિરોધ નાધ્યો હતો વારંવાર બિલ્ડરને જાણ કરતા દિલિપ ગોરેટાએ વોચમેન દ્વારા હવે લાઇટ બિલના રૂપિયા તે નથી ભરવાનું કહેડાવતા રહીશો ભારે આગબબુલા બન્યા છે. રોષે ભરાયેલા લોકોએ ગોત્રી પોલીસ સ્ટેશનમાં પહોંચ્યાં હતા અને અરજીમાં આક્ષેપ કરાયો છે કે બિલ્ડર દ્વારા મેન્ટેનન્સ રૂપિયા રહીશોને હેન્ડ ઓવર કર્યાં વિના ફરાર થઇ ગયો છે. ઉપરાંત રૂપિયા લઈને લાઇટ બિલ નહી ભરી સ્થાનિકો સાથે ફ્રોડ કર્યું હોય પોલીસ દ્વારા બિલ્ડર દિલીપ ગોરેટા સામે કાયદેસરની કાર્યવાહી કરી તેમને ન્યાય અપાવવા માટે માગણી કરાઇ છે.

કતલખાને લઈ જવાતા 18 પશુઓને બચાવી લેવાયા

(પ્રતિનિધિ)વડોદરા,તા.1 કરજણ પોલીસે પશુઓ અને કન્ટેનર સહિતના મુદ્દામાલ સાથે બે આરોપીની ધરપકડ કરી એકને વોન્ટેડ જાહેર કર્યો છે. વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં પુષ્પક ડુપ્લેક્ષમાં રહેતા નેહા દ્વારકેશભાઇ પટેલ પ્રાણી ક્રુરતા નીવારણ સંસ્થામાં સભ્ય તરીકે છેલ્લા 15 વર્ષથી પ્રમુક ક્લેક્ટર છે. તેઓએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે ગત 28 ફેબ્રુઆરીના રોજ મને માહીતી મળી હતી કે દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે પરથી કન્ટેનર પસાર થવાનું છે અને તેમા ગેરકાયદે પશુઓ ભરી કતલખાને લઈ જવામાં આવી રહ્યાં છે. જેના આધારે બોડકાગામની સીમમાં દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર પહોંચતા બાતમી મુજબનું કન્ટેનર આવતા તેના ચાલકને ઉભુ રાખવા ઈસારો કર્યો છે. કન્ટેનરમાંથી 18 પશુઓને પાંજરાપોળ ખાતે મોકલી દેવામાં આવ્યાં છે. કરજણ પોલીસ દ્વારા પશુઓ અને કન્ટેનર સહિતનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

વારંવાર માંગણી કરતા માત્ર 1.45 લાખ પરત કર્યા

ગોલ્ડ લોન ક્લોઝ કરવાના બહાને યુવક પાસેથી બે જણાએ રૂ.7.67 લાખ પડાવ્યા

રૂપિયા 6.22 લાખ આજે દિન સુધી નહીં આપતા પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11 વડોદરા શહેરનાં કરોડિયા વિસ્તારમાં આવેલી હરસિદ્ધિ સોસાયટીમાં રહેતા ધવલ અરવિંદભાઈ બારીયા (ઉ.વ.27)એ ફરિયાદ નોધાવી છે કે, હું ડ્રાઈવીંગ શિખવાડવાનું કામ કરે છે. મારા મિત્ર મંથન રંજોડીયા કરોડીયા રોડ બાજવા ખાતે સલૂનની દુકાન છે. જેથી મે મારા મિત્ર મિલિંદ મહેન્દ્રભાઈ જગતાપ પાસે ગોલ્ડ લોન મુથુટ ફાઈનાન્સ ગોરવા ખાતેથી કરાવી હતી. જ્યાં અમારી રૂપીયા 5 લાખની લોન કરાવી હતી અને આ મંથન રંજોડીયાએ મને જણાવ્યું હતું કે આ લોન મારે નહી ભરવી પડે. મારો મિત્ર મિલિંદ જગતાપ સેટીંગ કરી ક્લોઝ કરાવી આપશે પરંતુ તેણે મને મારા એકાઉંટમાંથી મોબાઈલ લોન કરાવી આપવી પડશે તેમ જણાવ્યું હતું. જેથી મે તેમના વિશ્વાસમાં આવી ગયો હતો અને મંથન રજોડીયા તથા મિલિંદ જગતાપે અલ્કાપુરી સેન્ટર પોઈન્ટની ઓફિસે લોન લેવા લઇ ગયા હતા.

ત્યાથી બંને એ જાસ્મિન મોબાઈલ અલકાપુરી ખાતે રૂપીયા 1.55 લાખનો મોબાઈલ ખરીદ કર્યો હતો. જે મોબાઈલ મિલિંદ જગતાપે ગોલ્ડ લોન ક્લોઝ કરાવવા પેટે મારી પાસેથી લઈ લીધો હતો અને જેના હપ્તા મિલિંગ જગતાપ ભરશે તેવો પાક્કો ભરોશો અપાવ્યો હતો.

જેમાં મિલિંદ જગતાપ તથા મંથન જોડીયાએ મારી તેમની ચાલતી ગોલ્ડ લોન ક્લોઝ કરાવવા પેટે મોબાઈલ લોન તથા મોબાઈલ એપ્લીકેશનથી લોન કરાવી તેમની પાસેથી કુલ રૂપિયા 7.67 લાખ પડાવી લીધા હતા અને રૂ.1.45 લાખ પરત કરી બાકીના રૂપીયા 6.22 લાખ લોનના હપ્તા નહી ભરી અને ગોલ્ડ લોન પણ ક્લોઝ ન કરાવી છેતરપિંડી આચરી હતી.

કોના પત્તા કપાશે અને ક્યા દિગ્ગજો મેદાનની બહાર ફેંકાશે? કચેરીની સત્તાવાર યાદી જાહેર થતા જ ડેરીના રાજકારણમાં ભારે ગરમાવો આવવાના એંધાણ

બરોડા ડેરી ચૂંટણી: ફોર્મ ચકાસણી પૂર્ણ, સત્તાવાર યાદી પહેલા જ રાજકીય ઉકળાટ!

(પ્રતિનિધિ) વડોદરા, તા.1 વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના પશુપાલકોની જીવાદોરી સમાન 'બરોડા ડેરી' (વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ) ના નિયામક મંડળની આગામી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો તેજ બન્યો છે. શનિવારે મુખ્ય ચૂંટણી અધિકારી ઐશ્વર્યા દુબેની કચેરી ખાતે ઉમેદવારી ફોર્મની ચકાસણીની મહત્વપૂર્ણ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ચૂંટણી અધિકારી દ્વારા ઝોન મુજબ ફોર્મની ચકાસણી શરૂ કરવામાં આવી હતી. સૌપ્રથમ ઝોન-1 (પાદરા) માટે વર્તમાન ચેરમેન દિનેશ પટેલ (દિનુ મામા) અને ભાસ્કર પટેલના ફોર્મની તપાસ કરવામાં આવી હતી. ત્યારબાદ ઝોન-2 (કર્જણ) ના ઉમેદવાર સતીશ પટેલ (નિશાળિયા), દિલીપ કુમાર શાહ અને અન્ય ઉમેદવારોના ફોર્મ ચકાસાયા હતા. ઝોન-3 (વડોદરા તાલુકા) માં વર્તમાન ડિરેક્ટર શૈલેશ પટેલ અને હિતેશ પટેલના ફોર્મની ચકાસણી વેળાએ કેટલાક વાંધા-વચકા પણ રજૂ થયા હોવાનું જાણવા મળ્યું છે. ડેસર ઝોન (ઝોન-4 અને 5) માં સૌથી વધુ ઉમેદવારો હોવાથી ત્યાં ભારે રસાકસી જોવા મળી રહી છે. અહીં કુલદીપસિંહ રાહુલજી અને તેમની સામે સુરપાલસિંહ પરમાર સહિતના અન્ય હરીફ ઉમેદવારોના ફોર્મની તપાસ થઈ હતી. મોટી સંખ્યામાં ઉમેદવારો અને તેમના ટેકેદારો ઉમટી પડતા કચેરી પરિસરમાં પોલીસ છાવણી જેવો માહોલ સર્જાયો હતો. પી.આઈ. અને પી.એસ.આઈ. કક્ષાના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સુરક્ષા વ્યવસ્થા જાળવવામાં આવી હતી. ચૂંટણી અધિકારી તમામ ફોર્મની ઝીણવટભરી તપાસ બાદ કયા ઉમેદવારના ફોર્મ માન્ય રખાયા છે અને કોના ફોર્મ ના મંજૂર થયા છે તેની સત્તાવાર યાદી બીજી તારીખે જાહેર કરવામાં આવશે. આ પ્રક્રિયા બાદ હવે આગામી દિવસોમાં ચૂંટણીનો જંગ વધુ રોમાંચક બનવાની શક્યતા છે.

ચૂંટણીનો ગરમાવો: ફોર્મ ચકાસણીમાં 'વાંધા-વચકા' અને ભારે પોલીસ બંદોબસ્ત

બરોડા ડેરીના સત્તાધારી પક્ષ અને વિપક્ષ વચ્ચેના જંગમાં આજે 'ફોર્મ ચકાસણી'નો પડાવ મહત્વનો રહ્યો. વડોદરા તાલુકા અને પાદરા જેવા હાઈપ્રોફાઈલ ઝોનમાં ઉમેદવારો વચ્ચે શાબ્દિક ટપાટપી અને કાયદાકીય વાંધાઓ રજૂ થતા મામલો ગરમાયો હતો. ચૂંટણી અધિકારીની કચેરી બહાર સમર્થકોના ટોળાને કાબૂમાં રાખવા માટે પોલીસે કિલ્લેબંધી કરવી પડી હતી.

બરોડા ડેરી ઝોન-13માં અતુલ પટેલનું ફોર્મ રદ થતા સંગ્રામસિંહ રાઠવા બિનહરીફ ચૂંટાયા

છોટાઉદેપુર: જિલ્લામાં સહકારી ક્ષેત્રની અગ્રણી સંસ્થા બરોડા ડેરીની ચૂંટણીને લઈને રાજકીય ગતિવિધિઓ દિવસેને દિવસે તેજ બની રહી છે. ટેકનિકલ કારણોસર અતુલ પટેલનું ફોર્મ રદ થતાં રાજકીય સમીકરણમાં અચાનક ફેરફાર જોવા મળ્યો હતો. પરિણામે સંગ્રામસિંહ રાઠવા ઝોન-13માંથી બિનહરીફ જાહેર થયા છે. ડેરી પર સત્તા મેળવવા માટે ઉમેદવારોમાં ભારે ઉત્સાહ અને દોડધામ જોવા મળી રહી છે, જ્યારે વહીવટી તંત્ર દ્વારા ઉમેદવારી ફોર્મોની ઝીણવટભરી ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. હાલ ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ 7 માર્ચ નક્કી કરવામાં આવી છે.બરોડા ડેરીના ઝોન નંબર 13 માં યુવા નેતા સંગ્રામસિંહ રાઠવા અને સહકારી ક્ષેત્રના અગ્રણી તેમજ છોટાઉદેપુર જિલ્લાના 'ચાણક્ય' તરીકે ઓળખાતા અતુલ પટેલ દ્વારા ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યા હતા.

કરજણ પોલીસનો સપાટો : બુટલેગરોમાં ફફડાટ

રસોડાના સામાનના બોક્સની આડમાં સંતાડી લઈ જવાતો રૂ.1.34 કરોડનો દારૂ ઝડપાયો

વિદેશી દારૂ, મોબાઇલ, ટ્રક અને રસોડાનો સામાન મળી રૂ. 1.44 રોડનો મુદ્દામાલ કબજે કરાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.11 વડોદરા જિલ્લાના ગ્રામ્ય પોલીસ અધિક્ષક સુશિલ અગ્રવાલ દ્વારા ઓપરેશન પરાક્રમ અંતર્ગત વિદેશી દારૂની હેરાફેરી ઝડપી પાડવાની સુચના આપવામાં આવી છે.જેના આધારે કરજણ પોલીસ સ્ટેશનના પીઆઈ બી એમ પટેલે સાંપાથી બોડકા તરફ જતા ટ્રકને પકડવા ઓવર બ્રીજની નીચે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી મુજબનો દારૂનો જથ્થો ભરેલો ટ્રક આવતા તેને ઉભો રખાવી ડ્રાઈવર અનિલકુમાર સુજાનારામ બિશ્નોઈન બેઠેલો હોય નીચે ઉતાર્યાં બાદ તેને સાથે રાખી ટેમ્પાની પાછળના ભાગે તાડપત્રી હટાવી ચકાસણી કરી હતી ત્યારે પુઠાના બોક્ષ મુકેલા હતા. આ બોક્ષને સાઈડમા કરી જોતા દારૂની પેટીઓ સંતાડેલી હતી. જેથી રૂ.1.34 કરોડના વિદેશી દારૂના 43056 નંગ ક્વાટરીયા મળી આવ્યાં હતા. મોબાઈલ તથા દારૂનો જથ્થો હેરાફેરી કરવા માટે ઉપયોગમાં લેવાયેલો ટેમ્પો કિંમત.રૂ. 10 લાખ તથા રસોડામાં ઉપયોગમાં લેવાતા સામાન ભરેલા 56 બોક્સ સહિત રૂ.1.44 લાખનો મુદ્દામાલ કબજે કરી કરજણ પોલીસ દ્વારા દારૂનો જથ્થો મંગાવનાર બૂટલેગર તથા સપ્લાયરને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યાં છે.

ગરમી વધુ કઠિન સાબિત થવાની શક્યતા ,તાપમાન 33.2 ડીગ્રી નોંધાયું

(પ્રતિનિધિ)વડોદરા,તા.1 વડોદરામાં ગરમીના તાપમાનમાં વધારો જોવા મળ્યો છે. રવિવારે શહેરનું મહત્તમ તાપમાન 33.2 ડિગ્રી અને લઘુતમ તાપમાન 18.6 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 74 ટકા અને સાંજે 37 ટકા નોંધાયું હતું. માર્ચ મહિનાથી હવે ખરા ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે. હવામાન વિભાગની આગાહી મુજબ માર્ચમાં જ તાપમાન 40 ડિગ્રી સુધી પહોંચી શકે છે. સામાન્ય રીતે એપ્રિલમાં જોવા મળતી ગરમીએ આ વર્ષે થોડી વહેલી જ દસ્તક આપી છે. રાજ્યમાં મહત્તમ તાપમાન 35 ડિગ્રીની આસપાસ નોંધાઈ શકે છે. આગામી પાંચ દિવસ સુધી ઉકળાટ ભર્યું વાતાવરણ રહેશે અને તાપમાનમાં પણ એક થી બે ડિગ્રીનો વધારો નોંધાઈ શકે છે. હાલમાં હીટવેવના દિવસોની સંખ્યા સામાન્ય કરતાં વધુ રહી શકે છે. માર્ચના પ્રથમ અઠવાડિયામાં જ ગરમીનો માહોલ ઘેરાતો હોવાથી બપોરના સમયે લોકો માટે બહાર નીકળવું મુશ્કેલ બની શકે છે.